# 30 સ્ટાર્ટ-અપ આઈડિયાને આર્થિક મદદ પૂરી પડાવામાં આવી

## EDIમાં 'એમ્પ્રેસારિયા-2016માં ન્યુ સ્ટાર્ટ-અપના 135 આઈડિયા રજૂ થયા

સિટી રિપોર્ટર @ahm_cb





ભારતીય ઉદ્યમિતા સંસ્થાન (ઈડીઆઈ) ખાતે 'એમ્પ્રેસારિયા-2016'નું આયોજન કરાયું હતું. જેમાં રાજ્યના 10 જિલ્લામાં બૂટકેમ્પસનું આયોજન કરાયું હતુ. જેમાં 135 જેટલા ન્યુ સ્ટાર્ટ આઈડિયા પ્રેઝન્ટ કરવામા આવ્યા હતા. આ 135 આઈડિયામાંથી ફાઈનલ રાઉન્ડમાં પસંદગી પામેલા 30 ન્યુ સ્ટાર્ટ-અપને 40 હજાર સુધીનું નાણા ભંડોણ આપવાની જાહેરાત કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રમ અને રોજગાર વિભાગના સેક્રેટરી સંજય પ્રસાદે હાજરી આપી હતી. 'એમ્પ્રેસારિયા-2016'માં સ્ટાર્ટ અપ મેળાનું પણ આયોજન કરાયું હતું. જેમાં કેવી રીતે ન્યુ સ્ટાર્ટ અપ આઈડિયાને બિઝનેસ માં કન્વર્ટ કરી શકાય તેના સ્ટેપ બાય સ્ટેપ સમજાવવામાં આવ્યું હતું. સ્ટડન્ટ્સને પોતાના સ્ટાર્ટ અપનો કેવી રીતે ગ્રોથ કરી શકે અને તેના માટે કેવી રીતે નાણાકિય સહાય મળવી શકાય તેની માહિતી અપાઈ હતી.